ગાંધીનગર સમાચાર

**ચોમાસા બાદ માર્ગોની નુકસાની અંગે સર્વે હાથ ધરાશે**




સામુહિક યજ્ઞોપવિત પૂજન - શ્રાવણ સુદ પૂનમના પાવન પર્વે બ્રાહ્મણો યજ્ઞોપવિત બદલે છે... શહેરના બ્રહ્મભવન ખાતે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા સામુહિક જનોઈ બદલવાનો કાર્યક્રમ વેદ મંત્રોચ્ચાર સાથે યોજાયો હતો... પરંપરાગત પૂજન-અર્ચન બાદ ભગવાન સૂર્યનારાયણના તેજનું આહ્વાન સાથે બ્રાહ્મણો યજ્ઞોપવિત ધારણ કરે છે...

# જિલ્લામાં પાક પેટર્નમાં બદલાવ : સોયાબીનનું વાવેતર

## શાકભાજીના પાકોમાં ટીસ્યુ કલ્ચરથી ઉત્પાદન મેળવવાના પ્રયોગશીલ ખેડૂતોના પ્રયોગો : પરવરની ટીસ્યુ કલ્ચરથી ખેતી કરવાનો પ્રયાસ શિવપુરા કંપામાં થયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે બદલાયેલ પાક પેટર્નની સાથે સાથે ખેડૂત પ્રયોગશીલ વધુ બન્યો છે. જિલ્લામાં પરંપરાગત પાકની વાવણીમાં બદલાવ જોવા મળ્યો છે.

જિલ્લામાં પહેલીવાર કપાસ, બાજરી, જુવાર (દાણા)ના વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જ્યારે મગફળી જેવા નવા પાકનું વાવેતર વધ્યુ છે. આ ઉપરાંત ગુવાર તેમજ કઠોળ પાક અને શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે.

જિલ્લામાં આ વર્ષે ખેડૂતો દ્વારા સોયાબીનની ખેતીનો પ્રયોગ પણ દહેગામ તાલુકાના પંથકમાં કરાયો છે. તો મગફળીનું વાવેતર માણસામાં વિક્રમી થઈ રહ્યું છે.

જિલ્લામાં વરસાદની પેટર્નમાં થયેલા બદલાવની સાથે પાક પેટર્નમાં પણ બદલાવ તેમજ સોયાબીનના પાકનું વાવેતર એ જિલ્લાના ખેડૂતોમાં ચાલી રહેલી પ્રયોગાત્મક ખેતીનો પુરાવો છે.

જિલ્લામાં સોયાબીનનું વાવેતર આમ તો ૨૫ હેક્ટર જેટલા વિસ્તારમાં જ નોંધાયું છે. દિવેલાના પાકનું વાવેતર પણ હજુ સુધીમાં ૧૦ હજાર હેક્ટર જેટલુ જ નોંધાયું છે. તો કઠોળ પાકોનું વાવેતર પાંચ હજાર હેક્ટર કરતાં વધુ નોંધાયું છે.

આમ જિલ્લામાં ખેડૂતો ઘણા સમય પછી કઠોળ પાકોની ખેતી તરફ

● અનુસંધાન પાન-૭ પર

# ચોમાસા બાદ માર્ગોની નુકસાની અંગે સર્વે હાથ ધરાશે

## સેક્ટરોના આંતરિક માર્ગોની હાલત મગરની પીઠ સમાન : સેક્ટરોના આંતરિક માર્ગોનુ ધોવાણ : માર્ગો પર ડામરની ડમરીઓ ઉડતા વાહનચાલકો પરેશાન : ચોમાસા બાદ માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૮

શહેરમાં સેક્ટરોના આંતરિક માર્ગો બિસ્માર હાલતમાં છે. વરસાદી દિવસોમાં મોટાભાગના રસ્તાઓનુ ધોવાણ થતા હાલ માર્ગો પર ઉડતી ડમરીઓ વાહનચાલકો માટે પરેશાનીનુ કારણ બની છે. સેક્ટરોના આંતરિક માર્ગોના રીસરફેસીંગ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. જયારે આગામી મહીનામાં માર્ગોની નુકશાની અંગે પણ સર્વે હાથ ધરવામાં આવશે.

શહેરમાં અંદાજિત ૬૧૩ કી મીનુ રોડનેટવર્ક છે. જયારે આ રોડ નેટવર્કની જાળવણી માટે પ્રતિવર્ષ કરોડો રુપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે દર બે વર્ષે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ માર્ગોના બ્યુટીફિકેશન માટે કરોડો રુપિયાનો તાતિંગ ખર્ચ થાય છે. ત્યારે આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર દ્વારા માર્ગોના બ્યુટીફિકેશન માટે દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન પણ રસ્તાઓને મેક ઓવર કરવા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. હાલ શહેરના મોટાભાગના રસ્તાઓની હાલત બિસ્માર છે. સેકટરોના આંતરિક માર્ગો પણ ઉબડ ખાબડ બન્યા છે. છેલ્લા પાચ વર્ષથી શહેરના આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ નથી. જેના પરિણામે માર્ગોની હાલત આમ પણ મગરની પીઠ સમાન ભાસે છે. શહેરના જુના સેકટરોમાં પણ માર્ગ સુધારણાની કામગીરી અપુર્ણ છે. જયારે નવા સેકટરોમાં રસ્તાની સુધારણાનુ કામ હજુ સુધી હાથ ધરવામાં આવ્યુ નથી.

● અનુસંધાન પાન-૭ પર




શામળા ગિરધારી : જન્માષ્ટમીના આગમનના પગલે ટાઉનહૉલ ખાતે કલા ગુર્જરી દ્વારા યોજાયેલ શામળા ગિરધારી કાર્યક્રમમાં રજૂ કરાયેલા કૃષ્ણગીતોમાં શ્રોતાઓ તલ્લીન બન્યા હતા... ભગવાન શ્રીકૃષ્ણના જીવન આધારિત રચાયેલા ગીતો, પદો અને ભજનોની અમિત ઠક્કરના સંગીત સંચાલનમાં જાણીતા ગાયીકા દિપ્તી દેસાઈ, યુવા ગાયક અર્ચિત પાટડિયા અને રાગ મહેતા દ્વારા અનોખી રજૂઆત કરાઈ હતી... કાર્યક્રમનું રસદર્શન જાણીતા સર્જક કાજલ ઓઝા વૈદ્યએ કરાવ્યું હતું...

# શહેરી બસ સેવાનો માત્ર ૬ ટકા નાગરિકો જ ઉપયોગ કરે છે

## સંસ્થાએ કરેલા સર્વેના અંતે શહેર વસાહત મહામંડળ દ્વારા તંત્રને રજુઆત કરી જરૂરી સુચનો કરાયા : સીટી બસ સેકટરોના આંતરિક વિસ્તારોમાં દોડતી નથી

ગાંધીનગર તા ૧૮

શહેરી બસ સેવા તેમજ વિટકોસની સીટી બસનો શહેરના માત્ર ૬ ટકા જ નાગરિકો લાભ લેતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. એક સંસ્થાએ કરેલા સર્વેના અંતે બસસેવાનુ આ ચિત્ર સ્પષ્ટ થયુ છે. જો કે આ માટે શહેરી બસ સેવાના રૂટ તેમજ સેકટરોમાં સીટી બસ ન દોડતી હોવાનુ પણ તારણ સામે આવ્યુ છે. આ સ્થિતિને નિવારવા માટે શહેર વસાહત મહામંડળ દ્વારા સંબંધિત તંત્રને બસના રૂટમાં જરૂરી ફેરફાર કરવા માટે પણ રજુઆત કરી છે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે શહેરી બસ સેવા ઉપરાંત સંખ્યાબંધ ખાનગી વાહનો પણ દોડે છે. આમ નાગરિકોને સમયસર એસ ટી બસની સેવા પુરી ન પડતા સલામત સવારીના બદલે ખાનગી વાહનોની જોખમી મુસાફરી પણ ખેડવી પડે છે. જયારે એસ ટી તંત્ર દ્વારા રાણીપ રૂટના બસ સ્ટેન્ડ તરફ બસો દોડાવાનો નિર્ણય લીધા બાદ એસ ટી બસ સેવા વધુ પ્રભાવિત થઈ હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

જયારે ગાંધીનગરના ચાલતી વિટકોસની સીટી બસ સેવા પણ હજુ પુરતા પ્રમાણમાં લોકભોગ્ય થઈ શકી નથી. અલબત્ત સીટી બસ સેવા સેકટરોના આંતરિક માર્ગો સુધી દોડતી ન હોવાથી સેકટરવાસીઓ તેમજ સિનિયર સિટીઝન્સ ઉપરાંત મહીલાઓ પણ બસ સેવાનો પુરતો ઉપયોગ ન કરતી હોવાનુ મનાઈ રહયુ છે. આવા સંજોગોમા અમદાવાદની એક સંસ્થાએ કરેલા સર્વે મુજબ શહેરના માત્ર ૬ ટકા નાગરિકો જ શહેરી બસ સેવાનો લાભ લે છે.

જયારે રૂટની યોગ્યતાના અભાવના લીધે સેકટરવાસીઓ પુરતી બસ સેવાનો લાભ ન લેતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સંસ્થાના સર્વેના અંતે શહેર વસાહત મહામંડળ દ્વારા કોર્પોરેશનને રજુઆત કરવામાં આવી છે જેમાં સીટી બસના રૂટમાં જરૂરી ફેરફાર કરવા તેમજ સેકટરવાસીઓ મહત્તમ આ સેવાનો લાભ લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે સુચનો કરાયા છે.



રક્ષાબંધન - મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે રાખડી બાંધી ભારતીય જનતા પાર્ટીમાં એકતાનો સંદેશ આપ્યો છે...

# પંચાયત દ્વારા પાણી પુરવઠા માટે ૧૨ લાખના કામોને મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખેત-ઉત્પાદન અને સહકાર સમિતિ દ્વારા પીવાના પાણીની આકસ્મિક મુશ્કેલી નિવારવા માટે નવ ગામોની ૧૨ લાખના અંદાજિત ખર્ચના વિવિધ કામોને મંજૂરી આપી છે.

મળતી વિગતો પ્રમાણે માણસાના ગલથરા, કુવાદરા, કલોલના વેડા, હિંમતપુરા(વે) ગાંધીનગરના કાનપુર, વડોદરા, પ્રાંતિયા અને દહેગામના કલ્યાણજીના મુવાડા ગામોના કામોને મંજૂરી આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ ગામોમાં કામો અંગે સિંચાઈ વિભાગ દ્વારા નકશા અંદાજો તૈયાર કરી અને મંજૂરી માટે મુકવામાં આવ્યા હતા. આ કામો પર ચર્ચા વિચારણાને અંતે સમિતિએ મંજૂરી આપી દીધી છે.

આ ગામોમાં નવીન મોટર સબ પંપ સેટ તથા એસેસરીઝના કામો કરવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦૧૬-૧૭ના બજેટમાં રૂ. ૬૦ લાખની જોગવાઈ સામે અત્યાર સુધીમાં ૧૯ લાખ જેટલો ખર્ચ થઈ ચુક્યો છે તેમજ આ વધુ ૧૨ લાખ રૂ.ના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. આ ઉપરાંત ગાંધીનગર અને દહેગામના ૧૦ ગામોના નાના-નાના કામોની પણ ચર્ચા કરી મંજૂરી આપવામાં આવી હતી.




ડો. પ્રશાંત મેરજાની ૧૦૦મી માસિક પુણ્યતિથિએ પુષ્પાંજલિ...

ડો. પ્રશાંત મેરજા
તા. ૨/૫/૮૫થી સદાકાલ
૩૫૩, સેક્ટર-૮, ગાંધીનગર

પ્યારા પ્રશાંત...
તારા કપરા વિયોગમાં, વિત્યા એકસો માસ, એહસાસીયે છીએ તારી મોજૂદગી આસપાસ...

રિન્કુ સન્ની મેરજા | સુશીલા બ્રિજેશ મેરજા
પાયલ - જય મેરજા | રેખા રમેશ મેરજા
ચાર્મી - રાજ પટેલ | ભાવના સુરેશ સારડવા
પૂ. બા. સ્વ. વજીબા | પૂ. બાપુજી અમરશીભાઈ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

TUTION
Group/Personal
Tution
English & Gujarati Medium
Std. - 4 to 10
GSEB & CBSC
Contact - P. Kumar
76240 14767

ગાંધીનગરના પાદરે જૂજ ફ્લેટ અને ઓફીસ બાકી
SHREE Sharda Residency
Absorb...A Redefined Lifestyle



Developers SHREE MADHAVKISHAN INFRA HOUSING PROJECTS PVT. LTD.
Site Address : Opp Vijay Appartment, Vavol, Gandhinagar
Contact : 99784 08880, 98258 05141

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વૉચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com